॥ श्री अंबिका विजयते ॥



શ્રી કુમાર-આનંદ

(સંસ્થાન શ્રી પાટડી)

કર્તા અને પ્રકાશક :

(શ્યામ) ઉર્ફે કાળીદાસ ગરમેરભાઇ ગઢવી.

રાજ્યકવિ-પાટડી સ્ટેટ.

વતન: ગોરૈયા.

ભયો નાશ કુલ આપકો, જસુરામ કુતરંગકી,
રાજેંદ્રકુંવર કોઉ મતિ કરો, એસી આ ખતરંગકી. ૧૨

અર્થ—કૌરવ પાંડવના રાજકુટુંબમાં ધ્રુતરાષ્ટ્રને સો પુત્રો પૈકી મોટો દુર્યોધન હતો. તેની અનિતી હતી અને તે કજીઆ માટે તેને તમામ સારા સારા રાજા મહારાજાએ કહેતા હતા કે તમારા ભાઇઓ પાંચે પાંડવ નીતિવાન છે માટે ગેરવ્યાજબી કલહ ના કરો. છેવટે શ્રીકૃષ્ણ પરમાત્મા વષ્ટિ લઇ આવેલા તે પણ અભિમાનના તોરમાં નહિ માનતાં પોતે પોતાના ભાઇઓ સહિત ભૂડા હાલે મરણ શરણ થયો અને પાંચે પાંડવોની નીતિ હતી તો રાજ્ય-ગાદી મળી. છેવટે દુર્યોધનના આચરણની મશ્કરી થઇ અને અપ-કીર્તિનો પાર રહ્યો નહિ. કૌરવ કુળનો નાશ થયો એ તેના ખોટા વિચારનુંજ પરિણામ હતું; માટે જસુરામ કવિ કહે છે કે હે રાજકુમારો પોતાના ક્ષાત્ર ધર્મમાં રહી નીતિ વિરૂદ્ધ આવું કોઈ કાર્ય કરશો નહિ.

દોહા.

કીને રાજકુમારકે, ગુન બરનન ગંભીર;
જો રીઝે તો અબ જસુ, બરનન કરૂં બજીર.

અર્થ—શ્રી રાજકુમારોને મનન કરવા લાયક ઘણા મહત્વના ફાયદા વર્ણવ્યા છે. તે ઉપર રીઝાયમાન એટલે ખુશી થાઓ. એટલે જસુરામ કહે છે વજીર એટલે દિવાન અંગનું વર્ણન કરૂં.

ઉપર પ્રમાણે રાજ્યનીતિમાંથી શ્રી કુમાર અંગનું વર્ણન આપ્યું છે તે આગળ ઉપર એટલે ભવિષ્યમાં ભાઈસાહેબોને વિદ્યા-ભ્યાસ વખતે ઉપયોગમાં આવવા માટે જણાવેલ છે. પરમકૃપાળુ પરમાત્મા જાદે ઉમ્મર બક્ષી આરોગ્યતાસહ સુખી રાખો અને ધારેલ ઉમેદ બર લાવો.

ઇતિશ્રી કલ્યાણમસ્તુ.

સંસ્થાન શ્રી પાટડી-શ્રી દેસાઇ રાજ્યનો સંક્ષેપમાં ઇતિહાસિક ગરબો.

રાગ (તમે ભજોને અંબે માત, આરાસુર રાણી) ત્રણ તાલ.
(હિંચમાં ગવાય છે.)

આદ્ય શક્તિ નમું ૐકાર, રાજવટ રાખી છે,
કરૂં વર્ણન દેસાઇ વંશ સાર, સુરાયત સાખી છે. ટેક.
મુળ વતન માધાવતી ગામ–રાજ૦ કર્યા શુરવિરતાનાં કામ–સુરા૦
ઠર્યું व्रजपालजीनु ઠામ ,, મુલક મેવાસેં મોટું નામ ,,
સન એકસો છપ્પનની માંય ,, ગામ ઊંઝા વસાવ્યું ત્યાંય ,,
ઓગણપચાસમી પેઢી થાય ,, બીજા व्रजपालदे કહેવાય ,,
બાવન હજાર વિદ્યાનું ઠામ ,, બાંધ્યું કાવર ગામનું નામ ,,
શાખ કાવરની જેથી કહેવાય ,, વંશ છપ્પનમાં એતો ગણાય ,,
આવ્યાં ત્યાંથી ઇડર ગઢ એહ ,, જુઓ નામ છે जेतसींह જેહ ,,
આપ્યું રાજ્યે માન અથાહ ,, અમિર થાપ્યા કરીને સભાહ ,,
એક ભીલ સરદાર કહેવાય ,, શુરા શામળીયાથી પંકાય ,,
જેના પાસે ભીલોનું જોર ,, ઘણો ફાટેલ મગજનો તોર ,,
બહુ રૂડી દિવાનની બાળ ,, જ્ઞાતી નાગર ચડાવી આળ ,,
માગું તેનું કર્યું તત્કાળ ,, પડી નાગર દિવાનને ફાળ ,,
કરી જેતસિંહ ભાઇને વાત ,, શુરો શામળીયો જાત કજાત ,,
છે બહારવટીઆનું જોર ,, તેનો મળી ઉતારો તોર ,,
મળ્યા રાઠોડ સોનીંગજી સાથ ,, ભીડી બહારવટીઆથી બાથ ,,
માર્યો બહારવટીઓ તે ઠાર ,, થયો વસ્તીમાં જેજેકાર ,,
ફક્ત ચોથી પેઢી સુધી વાસ ,, બહુ બગડી દિવાનથી ખાસ ,,
આવ્યું તેડું अजमलजीने આજ ,, યાદ કરે છે રાવળજી મહારાજ ,,
ચાલો ચાલો ચાંપાનેર શહેર ,, ત્યાં કરશો લીલા લહેર

આવ્યાઆંવ્યા પાવાગઢપાસ-રાજ૦મળ્યાં રાજથી ગામને ગ્રાસ-સુરા૦
વધુ કીર્ત્તિ રાજ્યમાં વાસ „ જેની પ્રગણા પટલાઇ ખાસ „
બહુ નામી ચાંપાનેર બેશ „ વધી જાહોજલાલી વિશેષ „
પેઢી સાતમાં શુરો સોહાય „ ભડ मंडलिकजी કહેવાય „
સન ચૌદસેં સત્તરની જોય „ ખુદ રાજ્યમાં અમીરી હોય „
હતાં રાવળજીનાં રાજ „ કર્યાં રાજ્ય તણાં બહુ કાજ „
વળી માનકારી ભડવીર „ રાખે ભાલો ભાથામાં તીર „
હતા રાજ્યમાં હાકેમદાર „ બહારવટીયા બાદરીયાને માર „
મળ્યું કેવડાસણ જે ગામ „ બીજુ ભદામ બક્ષી નામ „
વળી ગામ છે અલીંદરૂં આજ „ આપ્યાં ઇનામમાં મહારાજ „
સન ચૌદસેં વીસની માંય „ આવ્યો એહમદશા ચઢી ત્યાંય „
ગયો હારીને પાછો તેહ „ સુજશ મળ્યો મંડળીકને એહ „
થયા સીત્તેર પેઢીએ શૂર „ નામ वेरसींह વધતે નૂર „
ચડી આવ્યો મમદશા શે'ર „ નક્કી લેવાએ ચાંપાનેર „
વળી આવ્યો ફરી ફરીવાર „ તે દી ફાવ્યો નહીં તલભાર „
પહાડ મોટા પાવાગઢ પાસ „ વ્યુહ રચના જેવો વાસ „
જાણે રાવળજીનું જોર „ તુરત શાહનો ઉતાર્યો તોર „
મથી મથીને થાક્યા અથાગ „ લાગ્યેઃ નહીં તોપોનો લાગ „
સન ચૌદસેં પચાસની ઝામ „ હારી ગયો પોતાની હામ „
આવ્યા નવરાત્રીના દિન „ મન રાજ્યનું થયું છે મલિન „
રમે ગરબા રૈયતની બાળ „ આવ્યો પતઇ રાવળનો કાળ „
એક બાઇને બોલાવવાં જાય „ દેવી મુખથી શ્રાપજ થાય „
કહે આગેવાન અમીર „ રાજા માનતો નથીજ લગાર „
માજી રીઝયાં તે સ્વપ્નુંકહેવાય „ ચોંપે ચાંપાનેર પર જાય „
આવ્યા કટક જે અમદાવાદ „ ફત્તેહકારીજ થઇ છે આબાદ „

એ શ્રાપ તણો છે પ્રતાપ-રાજ૦ આણુ શાહની ફરીછે અમાપ-સુરા૦
માર્યો પતઇ રાવળને ઠાર „ જુઓ વસ્તી તણો એ પોકાર „
સન ચૌદસેં બાશી કહેવાય „ ફત્તેહ મેમદશાહની થાય „
લીધા પકડી આગેવાન „ મળ્યા બુદ્ધિવાન મહાન „
યાદગીરી બાદશાહની એહ „ કર્યું કલ્યાણ તે ભદ્રકાળી કેહ „
કર્યું થાપન તે હાજરાહજુર „ કોરટ આગળ શોભિતું છે નુર „
અરજ કરે પતઇના અમીર „ સેવા સોંપો તો થાય તદબીર „
રાજ અનિતીએ ગયું છે રાજ „ નથી એમાં અમારો ઇલાજ „
નથી ગુન્હો અમારો લેશ „ વફાદારી હમારી હંમેશ „
સોંપો કામ જો અમારે હાથ „ સંબંધ સાચો શાહની સાથ „
કહે વિરમદે પકડયાનું કામ „ જોવા વેરસિંહભાઇની હામ „
વીરમગામમાં જેનો વાસ „ બહારવટીઓ શાહનો ખાસ „
લીધા રથ-માફા બહુ લા'ર „ બેસાર્યાં માંહે બંદાર „
હાંકે લુંડીઓ લઇને રાસ „ એતો આવ્યા વિરગગામ પાસ „
ખબર આપી જનાનો જાય „ વતન જોધપુરમાં કહેવાય „
જાય દ્વારીકાંપુરી ધામ „ એક રાત વાસાનો કામ „
વિરમ આનંદ રાખીને ઉર „ કિધો બંદોબસ્ત ભરપુર „
સૌ પેઠા પુરની માંય „ વિરમ તુરત ત્યાં પકડાય „
થયા દુંદભી કેરા નાદ „ ખબર આપી અમદાવાદ „
એવાં કરિયાં શાહનાં કામ „ જેથી આપ્યાં ઇનામી ગામ „
થઇ વેરસિંહભાઇ પર મહેર „ તખત બાંધ્યું વિરમગામ શહેર „
સન ચૌદસેં ચોરાસી માંય „ જેને શંકર દાદાની સહાય „
ચોથી પેઢીએ वेणीदास „ હતા શંકર ભગત એ ખાસ „
શાહ જાંગીર આવ્યા ગુજરાત „ દિલ્લી શાહના દિદાર દરશાત „
આબો હવા માફક નહી હાલ „ ગયા પાછા ફરી તત્કાલ „

સુબા બાકર અલીખાંન જેહ-રાજ૦ વેણીદાસ પર સારો સ્નેહ-સુરા૦
તેણે લીધા ઉઘરાતમાં સાથ ,, વધી કાઠીયાવાડમાં વાત ,,
મહા ડાહ્યો બંકો ભડવીર ,, કુલ સત્તા બક્ષી છે અમીર ,,
સન સોળસેં બત્રીશ માંય ,, કૃપા બાદશાહની થઇ ત્યાંય ,,
કુંવર નામે मकनजी કહેવાય ,, કાકા શાણાજી સાથે સોહાય ,,
શાણા પુત્ર મેંગળજી સોય ,, તેના ભેંમજી ગણેશજી હોય ,,
લેવા દેસાઇ દસ્તુરીમાં ભાગ ,, ગયો તકરાર દિલ્લી અથાગ ,,
ફરી સણંદ થઇ તે વાસ ,, શાહ જહાંગીર સીક્કો ખાંસ ,,
મકન સુત જે महोतजी નામ ,, ત્યાંથી त्रिकमजीનો દમામ ,,
લીધી સંયુક્ત સણંદ એ રાજન ,, બહુ ખુશી સુબાનાં મન ,,
ત્યારે પેઢી ચોરાશી થાય ,, ભૂપ भाणजी ભાઇ કહેવાય ,,
કર્યાં કાર્ય કીર્ત્તિનાં કાજ ,, મહા ધર્મી હતા મહારાજ ,,
દિલ્લી શાહની સલામે ત્રણવાર ,, ગયા માન મર્તબાની મોઝાર ,,
સન સોળસેં અડતાળીશ સોય ,, સુબો ઓરંગજેબજ હોય ,,
જુઓ બહારવટીઆનું જોર ,, આલા દાદુ નામ છે કઠોર ,,
કર્યું અહમદ નગરને નાશ ,, એવો પ્રાંતીજ પાસે મેવાસ ,,
હુકમ દીધો ભાણુને હજુર ,, ચડયો લશ્કર લઇને શૂર ,,
માર્યો આલા દાદુને ઠાર ,, થયો રૈયતમાં આનંદ અપાર ,,
થયા ઔરંગજેબ ત્યાં શાહ ,, વાહ ભાણુજી દેસાઇ વાહ ,,
આપ્યાં ઇનામી ગામ એ વાર ,, નામ સાવડા-બામણવા, સાર ,,
વળી નવરંગપુરા નેક ,, ગોરીયાવડ જરવલા ટેક ,,
ગણું સોળસેં નેવુંની સાલ ,, ઘણાં આબાદ ગામ છે હાલ ,,
વધી જાહોજલાલી વિશેષ ,, કિરત ભાણુજીભાઇની બેસ ,,
થયા अदेकरण સરદાર ,, પેશ્વા હી તખત મોઝાર ,,
શહેર કિલ્લો વિરમગામ હાલ ,, કર્યો તેજ વખતે તત્કાલ ,,

સંવત સત્તરએકાશીની સાલ-રાજ૦વૈશાકશુદની પાંચમ સોમવાર-સુ૦
મળ્યા પેશ્વા હી સૂબા સાથ ,, નાંખ્યો કાઠીયાવાડ પર હાથ ,,
લીધી ખંડણી લાગો લાગ ,, બધા રાજ્યમાં માન અથાગ ,,
મળ્યો પેશ્વા સરકારથી પાસ ,, ચાંદ દેસાઇગીરીનો ખાસ ,,
બધા દેસાઇ કુટુંબ ગણાય ,, સૌ ભાઇઓ ગરાસમાં શોભાય,,
દીધાં *ચિમનાઆપાએ ઇનામ ,, વળી *કંથાજી કદમ છે નામ ,,
સુબા શેર બિલંદનું જોર ,, અલીટાંક તેને મળીઓ ઓર ,,
દીધો દગો લુણ હરામીએ ખાસ ,, ગયા અદેકરણજી કૈલાશ ,,
भावसिंहजी થયા ત્યાં ભૂપ ,, કર્યું પાટડી તખત અનુપ ,,
ફરી અલીટાંક બિલંદની સાથ ,, કર્યું લશ્કર બહુ સમરાથ ,,
મળ્યા ભાવસિંહ દામાજી સંગાથ ,, કરી સંધી બતાવ્યો હાથ ,,
જુઓ સત્તર એકાણુંની સાલ ,, થયો અલ્લી ટાંક પાયમાલ ,,
સંવત સત્તર સત્તાણું સાર ,, ચૈતર શુદ બીજ ને શનિવાર ,,
રાજ્ય તખ્તે બિરાજ્યા રાજન ,, થયું પાટડી શહેર પ્રસન્ન ,,
ગુરૂ વિષ્ણુદત્ત કહેવાય ,, મહા વચન સિદ્ધીએ સદાય ,,
દીધી પ્રસાદી વિભૂતિ ગોળો એક ,, બીજો ચીમટો ને ઘોકો વિશેક ,,
જેઓ રાજ્ય ચિન્હથી પરખાય ,, નિત્ય ધુપ દિપ નવનવાં થાય ,,
સંવત શોભે અઢારસેં ને એક ,, કર્યો કિલ્લો કારીગર કેક ,,
મળી બાતમી દશાડા શેર ,, અલીટાંકને મારીને લીધું વેર ,,
બીજા વસિયા વિરમગામ ,, દેસાઇ ફળી દરબાર છે મુકામ ,,
જેના ઘોડા થુલેટા ગામ ,, હરીપુરા સચાણા નામ ,,
વળી પરકોઠો કહેવાય ,, ત્યાં લશ્કર રહેતું સદાય ,,
એક મહાદેવ મુનસરી પાળ ,, હક દિપકનો છે હાલ ,,
લીધી રાઠોડ સાથે લડાઇ ,, રતન ભંડારી જેવા હરાઇ ,,
ચઢયા જોધપુર અભો મહારાજ ,, શેર બિલંદ પકડવા કાજ ,,

કવિ "કરણીદાન" બરદાય-રાજ૦ ગ્રંથ બિરદ સિંગાર બનાય-સુરા૦
કરી શેર બિલંદથી લડાઇ ,, કર્યો બંદીવાન હરાઇ ,,
વધ્યું પેશ્વા સરકારનું જોર ,, કર્યો અમદાવાદ પર તોર ,,
કુંવર નથુભાઈ છે બાળે વેશ ,, રાજ્ય સાચવે જેઠાભાઇ બેશ ,,
સુબો જવાંમર્દખાં ગુજરાત ,, આવ્યા પેશ્વા ચડી પ્રભાત ,,
ઘણી જામી લડાઇ તે ઠાર ,, બળ પેશ્વાનું અપરંપાર ,,
ભૂખણદાસને સોંપી પંચાત ,, એ વાત તો રહી છે અખ્યાત ,,
આપ્યા જવાંમર્દખાનને દેશ ,, પાટણ આદી ખેરાળુ બેસ ,,
વળી રાધનપુરનું રાજ ,, છોડયું રાજ્યનગરનું તાજ ,,
ફરી બાબી મોમીનખાન આય ,, કરી ચડાઇ પંચાત ફરી થાય ,,
સુબા પેશ્વાને અમદાવાદ ,, એવી સંધી કરી છે આબાદ ,,
થઇ પેશ્વા સરકારની મહેર ,, લઇ સાથે સૌરાષ્ટ્રને ઘેર ,,
જુઓ અઢારસેં તેરની સાલ ,, માસ ચૈતર બીજ ગુરૂવાર ,,
કર્યો પાટડી કિલ્લાને કેલ ,, ત્રણ દરવાજા બારી મેલ ,,
જોઇ ચડતીને પેશ્વાનું જોર ,, ગાયકવાડને અદેખાઇ ઓર ,,
ચડયા દામાજી પુત્ર ફત્તેરાવ ,, તોય ફાવ્યા નહીં કદી દાવ ,,
સંવત અઢારસેં ચોતરીશ માંય ,, એવી વાતું ઇતિહાસમાં લખાય,,
ત્યાંથી वखतसिंह તખ્તે બિરાજે,, કર્યાં નામી મુલકમાં કાજ ,,
થયું પેશ્વાનું પડતું જોર ,, થયો ખંડણીનો વાંધો ઓર ,,
મળ્યા સુબા દેસાઇજી સંગાથ ,, લીધું લશ્કર ને ફરીઆ સાથ ,,
કરી વસૂલ ખંડણી તમામ ,, દેસાઇગીરીસહ રાખી દમામ ,,
જાણ્યા પેશ્વા સરકારે મિત્ર ,, કડીમલાવરાવ બન્યોછે વિચીત્ર,,
મહા બળીઓ બાબાજીરાવ ,, કર્યો પાટડી પર તો ચડાવ ,,
છોટા રાજ્યનો બંદોબસ્ત સાર ,, ચાલી તોપોની મારામાર ,,
સન અઢારસેં ત્રણની વાત ,, ઘેરો ઘાલ્યો ઘણાદી ખ્યાત ,,

છુટી રાજ્યગઢીથી તોપ-રાજ૦ મૂઓ સરદારથયો ત્યાં કોપ-સુરા૦
છેવટ સંધી કરી છે તત્કાળ ,, દેવા છપનસેંબાવન દર સાલ ,,
નાણું શકઇ તણી છે છાપ ,, બાંધ્યું ખંડણી કેરૂં માપ ,,
રૂડું આવ્યું ગવર્મેન્ટ રાજ ,, વૉકર સાહેબ સેનાપતિ સાજ ,,
થઇ શાન્તિ ચારે કોર ,, જોરવંતાનાં દાબ્યાં જોર ,,
મળ્યાં વખતસિંહજી તે વાર ,, ખુબ ખુશી થયા સરદાર ,,
નક્કી બાંધ્યું સેન્ટલમેન્ટ નામ ,, કર્યું રાજ્યને પ્રસિદ્ધ બહુ ઠામ ,,
તખ્ત આવ્યા हरिसिंहराय ,, સંવત અઢારસેં પંચાસી કેવાય,,
સમરાવ્યો કિલ્લો એ સધીર ,, હરીપુરા વસાવીયું વીર ,,
ગયા સ્વર્ગે અપૂત્રથી એહ ,, ભાઇ कुबेरसिंह ગાદી લેહ ,,
રૂડું ઉર્ફે કુબેરપુરા ગામ ,, વસ્યાસોલમિયા ગામમાંતમામ,,
સંવત અઢારસેં પંચાણું કે'વાય ,, વસ્યું ગોરૈયા હદની માંય ,,
ભાઇ સાથેનો ભાવ ભરપુર ,, વધ્યું રાજનું અદકુ નૂર ,,
જગજાહેર जोरावर નામ ,, હતા શંકર મૂર્ત્તિ હામ ,,
વસ્યાં જુગતે જુજવાં ગામ ,, જોરાપુર ને હિંમતપુરા નામ ,,
વળી ભીલા દેસાઇપુરા નામ ,, વસ્યુ ભોજવા પાસે ગામ ,,
હતા ઉદાર વૃત્તિમાં અથાગ ,, ખિલ્યા લાખો પુન્યોના પરાગ ,,
વળી ગુજરાત કોલેજ માંય ,, દશ હજાર દામ દેવાય ,,
સંવત ઓગણી છવીશની માંય ,, કર્યો જ્ઞાતી તો મેળો ત્યાંય ,,
તોડયું કન્યાવિક્રયનું જોર ,, તોડયા મોટા મોટા ઘોળ ,,
દેશ દેશના જ્ઞાતીલા આંય ,, બન્યા જ્ઞાતી શિરોમણી રાય ,,
કર્યાં વૈષ્ણવ મંદીરનો મો'લ ,, લાંખો ખરચ્યા કિમત અમોલ,,
પ્રભુ દ્વારકાંધીશ પધરાય ,, બહુ રીતથી નેક બંધાય ,,
કિધો સ્વર્ગપુરીમાં વાસ ,, સંન અઢારસેં પંચોતેર માસ ,,
વીર મૂર્ત્તિ તખ્તપર બિરાજે ,, શોભ્યાં हिंमतसिंहનાં કાજ ,,

હતો સદા હથિયારનો શોખ-રાજ૦ જેનો કચેરી દમામતો અનોખસુ૦
લૂંટયો વાણીયાનો રોકડ માલ ,, ચડી વા'રે લાવ્યા તત્કાલ ,,
માર્યો પતિયા આયરને ઠાર ,, હદ રાધનપુર મોઝાર ,,
એતો હતો ઘોડાંનો ચોર ,, મારી તેનો ઉતાર્યો તોર ,,
ધર્મ ધ્વજા રૂડી ફરકાય ,, અન્નક્ષેત્ર ડાકોરમાં બનાય ,,
આપી એક લાખ દુકાન કરાય ,, જેનો વહીવટ ચાલુ જણાય ,,
એવાં કર્યાં અનેક વિધી કામ ,, સન અઢારસેં ચોરાસી સ્વધામ,,
હતા અપુત્ર એ દુઃખ તો સવાઇ ,, રાજસોંપ્યું પોતાથી નાનાભાઇ,,
પ્રગટયા સૂરજમલ્લ પાટડી પૂર ,, જેનું મૂખામ્બુજ નિર્મળ નૂર ,,
જન્મ ઓગણીશ ચારની માંય ,, પોષ વદી દશમ કહેવાય ,,
એક લાખ ધરમાદામાં દીધ ,, કુવા તળાવ નવાંણો ઘણાં કીધ ,,
ત્રણ લાખનો ગરાસ વધાર ,, ગામ જમીનો જે ઉંચાં પ્રકાર ,,
વળી એજન્સી અદકો પ્રેમ ,, મળ્યો 'ચોથો કળશ'એ રહેમ,,
એક લાખનાં મકાન બનાય ,, રાજ્યગઢનીશોભામાં શોભાય,,
સંવત ઓગણી છાસઠની માંય ,, લગન માંહી સુધારા થાય ,,
દેવ મૂર્ત્તિ દોલતસિંહ કુમાર ,, ફર્સ્ટ કલાસ પાવર હથ્થધાર ,,
પાટીદાર હિતવર્ધક કામ ,, પંદર હજાર આપ્યા છે દામ ,,
પ્રેસિડેન્ટનું જોખમ લીધું હાથ ,, વંશપરંપરા માટે સંગાથ ,,
રૂડા મગનલાલ મંત્રીનાં માન ,, કર્યાં માણેકલાલે શુભ કામ ,,
વળી ઝીણાભાઇ ન્યાયાધીશ બેશ ,, રાજ્ય વહીવટ ઉત્તમછે વિશેષ,,
ગવર્મેન્ટના મિત્ર ગણાય ,, જેને મોટી લખાવટ થાય ,,
મહેરબાન છો "સુપલીશાન ,, સદાવક્ત એખલાશ" નિશાન,,
"દરબારશ્રી સુરજમલ" નામ ,, કરેલખાણુમાંમથાણુ એતમામ,,
પ્રભુ ભક્તિ ઉપર બહુ પ્યાર ,, કર્યા જ્ઞાતી સુધારા હજાર ,,
વળી જ્ઞાતી શિરોમણી નામ ,, રાજ રૂષિપદ રાખ્યો દમામ ,,

ગયા સ્વર્ગે ઇગનોતેર સાલ–રાજ૦ અસાડ વદ છઠ ને ગુરૂવાર-સુરા૦

(હાલના નેક નામદાર દરબારશ્રી દોલતસિંહજી સાહેબ)

દોલત તખ્તે બિરાજ્યાં રૂડું તેજ– જન્મ ઓગણી સાડત્રીશમાં
રાજ૦ એજ–સુરા૦
માસ અસાડે શુકલતિથી ત્રીજ ,, મૈયા શક્તિ જેના પર રીઝ ,,
કર્યો રાજકોટમાં અભ્યાસ ,, પાસ કર્યો છે મેટ્રીક કલાસ ,,
સદ્‌વર્તન કુમારમાં સાર ,, ચાંદ સુવર્ણનો મળ્યો શ્રેયકાર ,,
સુખ સંતોષ રૈયતને રોજ ,, કરે ખેતીવાડીમાં મોજ ,,
વહેપારમાં સવડતા વિશેષ ,, આવે વસ્તી તરીકે હંમેશ ,,
તેનો દાખલો દોલતપુર ગામ ,, રાખ્યું ગોરૈયા પાસે રૂડું નામ,,
સંવત ઓગણીએંસીની સાલ ,, તેનો ગ્રંથમાં કહ્યો છે હેવાલ ,,
કન્યાશાળાનું કેલ કામ કીધ ,, દિર્ઘ દ્રષ્ટીથી દાન એવાં દીધ ,,
દયા દીનપર રાખે અપાર ,, ન્યાય પોતે આપે નિરધાર ,,
મહા ગંભિર દાના છે દિવાન ,, રાજતંત્રમાં અતિ ગુણવાન ,,
નાયબ દિવાનમાં માણેકલાલ ,, જેની કલમં છે સુજશ કરવાલ ,,
ગુણવંતા ગુલાબની સુવાસ ,, જાલુ ભ્રાતા સદા છે હુલાશ ,,
સદા રાજી શ્રી રણછોડ ,, કુંવર આપ્યા કનૈયાની જોડ ,,
મહાશક્તિની થઇ ઘણી મહેર ,, અતિ આનંદ છે ઘેર ઘેર ,,
થાઓ એના બાવિશ પરિવાર ,, તપો તક્ષ સુવર્ષો હજાર ,,
શુભ ગરબામાં કહે છે શ્યામ ,, અચળ રહેજો દોલતથી દમામ,,

હાલના નેકનામદાર હજુરશ્રીના રાજ્ય અંમલમાં નીચે પ્રમાણે ત્રેવીશ ગામો આબાદ સ્થિતિમાં છે. પ્રથમ વિરમગામ પેશ્વાએ રાખ્યું ત્યારે તેઓશ્રીના પૂર્વજ દેસાઇ ભાવસિંહજી પાસે વીશ ગામ હતાં, તેમાંથી દેસાઇ નથુભાઇની નાની વયનો લાભ લઇ પેશ્વાના સુબાએ છ ગામો લઇ લીધાં, તથા મૂખ્ય વંશની પેટા શાખા તરીકે દેસાઇ ભૂખણદાસે બે ગામ જુદાં લીધાં અને મજમુદારને પણ એક ગામ મળ્યું; એટલે વીશમાંથી નવ જતાં અગીઆર રહ્યાં. બાદ કડવાસણ ગામ તેમંને ઇનામમાં મળ્યું, દેસાઇ ભાણજીભાઇને પાંચ ગામ (સાવડા, ગોરીઆવાડ; બામણવા, જરવળા, નવરંગપુરા.) બાદશાહ તરફથી ઇનામમાં મળ્યાં, એટલે સત્તર ગામ થયાં. પછી હરીસિંહજીએ હરીપુરા, કુબેરસીંહજીએ કુબેરપુરા, અને જોરાવરસીંહજીએ ત્રણ ગામ (દેસાઇપુરા, જોરાવરપુરા, અને હીંમતપુરા) વસાવ્યાં. ત્રેવીશમું ગામ હજુરશ્રીએ પોતાના શુભ નામથી દોલતપુર સં. ૧૯૮૦ માં વસાવ્યું. તેની હકીકત આ ગ્રંથમાં પાને ૬૨ માં જણાવી છે. એકંદર ગામનાં નામ:—

૧ પાટડી	૯ લીંબડ	૧૭ હરીપુરા
૨ ગોરૈયા	૧૦ વૈકરીયા	૧૮ કુબેરપુરા ઉર્ફે ઝુંડ
૩ ખેરવા	૧૧ જેતાપુર	૧૯ જોરાવરપુરા ઉર્ફે ખાખરલા
૪ સંવલાણા	૧૨ ગોરીયાવડ	૨૦ દેસાઇપુરા ઉર્ફે ભીલા
૫ ભોજવા	૧૩ બામણવા	૨૧ હિંમતપુરા
૬ ઉખલોડ	૧૪ જરવલા	૨૨ કડવાસણ
૭ કમીજલા	૧૫ નવરંગપુરા	૨૩ દોલતપુર
૮ વડગાસ	૧૬ સાવડા	

✓ તખતનું ગામ પાટડી છે. તેને શહેરપનાં કિલ્લો છે, તેને ચાર દરવાજા તથા એક બારી મુકેલ છે. રાજ્યગઢીનો કિલ્લો તથા ખાઇ જુદી છે, તેની બીના આ પુસ્તકમાં પાને ૨૨ મે "રાજ્યગઢી વર્ણન ગરબી"માં આપેલ છે. પાટડી વેપારનું ઘણું સારૂં મથક છે. બે જીનીંગ ફેકટરી તથા એક પાકો પ્રેસ છે, બી. બી. એન્ડ સી. આઇ. રેલ્વેનું સ્ટેશન નજીક છે, વઢીઆર તથા ચોરાડ આદી દેશોને માલ લેવાનું મથક ગણાય છે. ગામમાં સારા સદ્ગ્રહસ્થ વેપારી છે, જેથી કરી કાલાં કપાસનો વહેપાર સારો છે. રાજ્ય તરફથી દરેક ધંધાદારીને સુખ-સંતોષ છે. આવા ધર્મીષ્ઠ રાજ્યની પરમકૃપાળુ પરમાત્મા હંમેશાં ચઢતી કળા રાખે.

એવં કલ્યાણ મસ્તુ.

બોલત હે તુતરાત બાત, મૂખામ્બૂજ કયા સોહાત;
સંગ્રામેં કછુ સમજ જાત, બરસ દોઊ થાવે રે—
શ્યામ આવે રે—શ્યામ૦ ૨

લિખત હસ્ત કલમ ધાર, સોખ જાકો હે અપાર;
બ્રહ્મા તનિયા જીભ્યા બસો, સુનિતિ પઢાવે રે—
શ્યામ આવે રે—શ્યામ૦ ૩

બડે ભાઇકી જયંતી ખાસ, ભૂપ ભૂવન રાનીવાસ;
મંગલ તોરન દ્વાર દ્વાર, ગીત મંગળ ગાવે રે—
શ્યામ આવે રે—શ્યામ૦ ૪

શ્યામ કવિ તુંહી સર્જનહાર. દોલત અંશ તેરો હી ધાર;
દોનું ભાઇપેં નિધા અપાર, પ્રેમ અધિક છાવે રે—
શ્યામ આવે રે—શ્યામ૦ ૫

શ્રી હિંમતવિજય ગરબી.

(નેકનામદાર મર્હુમ દરબારશ્રી સૂર્યમલસિંહજી સાહેબ બહાદુર પહેલાં પોતાના મોટાભાઇ નામદાર હિંમતસિંહજી સાહેબ બહાદુર જ્યારે ટીલાત પદવીએ હતા તે વખતે એટલે સં. ૧૯૨૦ ના વૈશાખ વદ ૧ રવિવારના દિવસે વિરમગામનો એક વેપારી રૂ. ૭ હજારની રોકડ રકમ લઇ પાટડી આવતાં ગોરૈયા તથા પાટડી વચ્ચેના વોકલામાં લૂટાણો. તે વાણીયો ગુપચુપ રીતે પાટડી આવી દરબારમાં એકદમ જાહેર કરવાથી તુરતાતરત પોતે એટલે (હિંમતસિંહજી સાહેબ) પોતાના અંગિત સ્વારો લઈ વારે ચડયા અને ચોર તથા માલ લાવ્યા તે પ્રસંગનું ઇતિહાસિક બ્યાન.)

રાગ (લાલ વા'રે આવો તો વહેલા આવજો રે) એ ઢબ.

હે રાજ વાણિયાની વારે પધારીઆ રે,
હેમા, બાપાએ ચોરને મારીઆ રે— રાજ૦ ૧

રે શહેર પાટડીથી દશ ગાઊ ગામ છે રે,
તેનું નામ તો એ વિરમગામ છે રે— રાજ૦ ૨
રે ત્યાંથી શાહુકાર પાટડી આવતો રે,
રોકડ છોયે હજારની લાવતો રે— રાજ૦ ૩
રે ઠેઠો રાખી લુટારૂ છાંના આવીઆ રે,
એતો વોકળા વચ્ચોવચ્ચ ફાવીઆ રે— રાજ૦ ૪
રે લુંટી લીધો વણિક પળ વારમાં રે,
ચુપકીથી પેઠો શહેર દ્વારમાં રે— રાજ૦ ૫
રે માલ ઉંટે નાંખીને કાંઠે ચાલીઆ રે,
આડા અવળા દશાડા પર માલિઆ રે— રાજ૦ ૬
રે બૂમ પાડતો એ રાજગઢે તોતળો રે,
ચોરે મારી કર્યો છે મને કોથળો રે— રાજ૦ ૭
રે મારા રૂપિઆ લઇને ચોર જાય છે રે,
બાપા વિના તો કોણ વા'રે ધાય છે રે— રાજ૦ ૮
રે એવી વાણીઆની રાડ કાને સાંભળી રે,
કીધી તૈયાર પોતાની ઘોડી રાંગળી રે— રાજ૦ ૯
રે લાલ આંખે પટ્ટે હાથ નાંખીઆ રે,
સાથે શુરા સરદારો રાખીઆ રે— રાજ૦ ૧૦
રે લીધા સૈયદ સ્વાર જો પઠાણ છે રે,
મારી નાંખે તેવા મહેરાણ છે રે— રાજ૦ ૧૧
રે માસ વૈશાકના ખરા એ બપોર છે રે,
જેને વિરતા ભરેલું અંગ જોર છે રે— રાજ૦ ૧૨
રે જેને બંદૂકના હાથમાં બહાર છે રે,
કેડે તાતી માતી તલવાર છે રે— રાજ૦ ૧૩

રે કોઇ ભાલાવાળાઓ ખંજર લઇ રે,
કોઇએ લીધા તમંચા હાથમાં ગૃહી રે— રાજ૦ ૧૪

રે એકદમથી ઉતાવળા ચાલીઆ રે,
પગે પગે રે સાત કોશ ભાળીઆ રે— રાજ૦ ૧૫

રે દશાડાથી બે કોશ પર ગામ છે રે,
ઝુબાણુ એ ગામ કેરૂં નામ છે રે— રાજ૦ ૧૬

રે કરી ધિંગાણું ધમાલ ત્યાં મચાવતા રે,
હરામખોરો શું માલ પચાવતા રે— રાજ૦ ૧૭

રે ટોળી ભાગતીમાં ચાર ચોર મારીયા રે,
બીજા બાંધીને નાકદોર સારીઆ રે— રાજ૦ ૧૮

રે લાવ્યા સાત ચોર ઊંટ પર માલ છે રે,
સૌ વસ્તીને જોયાનો તાલ છે રે— રાજ૦ ૧૯

રે ખબર આપતાંજ માલધણી આવિઓ રે,
ગણી જુઓ શેઠ કેટલાજ લાવીઓ રે— રાજ૦ ૨૦

રે સાબ છોએ હજાર થેલી આ હતી રે,
સાબ બાપા પ્રતાપે ફરિ થૈ છતી રે— રાજ૦ ૨૧

રે ધન્ય ધન્ય છે બાપા તમારા રાજને રે,
ધન્ય હેમતેશ ગરિબ નિવાજને રે— રાજ૦ ૨૨

રે જુઓ ઓગણીશ વીશ તણી સાલમાં રે,
માસ વૈશાક એકમ રવિવારમાં રે— રાજ૦ ૨૩

રે બેઊ કુંવરનું તેજ એવું ભાલમાં રે,
શ્યામ ગરબો સુણાવે એંસી સાલમાં રે— રાજ૦ ૨૪

બાળલિલાની ગરબી.

રાગ (કાના હરિવર નટવર નાના છે) એ ઢબ.

કરે બાળલિલા બહુ શાણા છે, કુંવર રૂડા રાજન પતિ રાણા છે;
જુઓ પાઘ કલંગી પોતાને છે, વળી ગૌર વરણુ શુભ વાને છે;
—કુંવર૦ ૧

વાહ ! કંઠે મોતિઓની માળા છે, કોઇ સામુ જુએ તો કૃપાળા છે;
—કુંવર૦ ૨

જુઓ હાથે બાજુબંધ હીરા છે, એતો નટવર ભાઇના વીરા છે;
—કુંવર૦ ૩

જુઓ કેડે રૂપાળા કંદોરા છે, એતો બાળક વયથી કિશોરા છે;
—કુંવર૦ ૪

વળી સોનાની સાંકળી પે'રી છે, લાલ સૌને લોભાવતા લે'રી છે;
—કુંવર૦ ૫

રોજ રાસ રમવાને આવે છે, બહુ મંડળમાં તાલ બજાવે છે,
—કુંવર૦ ૬

મનમોહન મનહર મૂર્તિ છે, વિરતા રસમાં ઘણી વરતિ છે;
—કુંવર૦ ૭

કવિ **શ્યામ** દેવાંશીઅવતારી છે, બેઉ ભાઇઓપર બલિહારી છે;
—કુંવર૦ ૮

શ્રી વીસહથ માજીની ગરબી—સ્થાનકે ત્રાગડ.

રાગ (જળ ભરવા દીઓ જમુનાં તણાં રે) એ ઢબ)

અમે ત્રાગડ જઇશું આનંદથી રે,
વહાલો વીસહથ માનો વાસ—માણુરાજ ત્રાગડ જઇશું.

(માજીરાજ શ્રી મોતીબાઇ સ્મારક કન્યાશાળા પ્રતિષ્ઠા અર્પણ).

અમદાવાદ જીલ્લાના મેહેરબાન ચેટફીલ્ડ સાહેબના પ્રમુખપદનો મેળાવડો (સં. ૧૯૭૯ ફાગણ વદ ૨ શનીવાર)

રાગ (આજ સ્યામ મોહ લીની બંસરી બજાયકે) તાલ દાદરો.

આજ તો આનંદ ધન્ય, પૂન્ય રાજ્યદ્વારનું;
પૂન્ય રાજ્યદ્વારનું, દોલતસિંહ ઉદારનું—આજ૦ ટેક
ધન્ય એસ્કવાયર ચેટફીલ્ડ સાહેબ તાજને;
પધારી પ્રસિદ્ધ કર્યું, આભારી આ રાજ્યને—આજ૦ ૧
ધન્ય સુરજમલસિંહ, ઈંગ્લીશ શાળા દેખતાં;
ધન્ય રૈયત સુખાકારી, કામ અનેક પેખતાં—આજ૦ ૨
વાવ કુવા તળાવો અનેક, સુખ સાધન કરી ગયા;
લોકોપયોગી કાર્ય કરી, સુજશને વરી ગયા—આજ૦ ૩
સંમત્તી હમેશાં શુભ, કાર્યદક્ષ રાજ્યમાં;
દિવાન સુ મગનલાલ, વૃત્તિ ઉદાર કાજમાં—આજ૦ ૪
કન્યાશાળા કેળ કામ, સુંદિર માંહી સાજ તો;
માજીરાજ "મોતીબાઇ" સ્મરણ અર્પણ આજ તો—આજ૦ ૫
કુંવરીશ્રી "ડાહીબા" કેરૂં સ્મરણ નામ શોભતું;
બેઠક માંહી બેન્ચ નવિન, બાળા મનડું લોભતું—આજ૦ ૬
કુંવરીશ્રી "નાનીબા" નામ, સ્મમણ માંહી લાવતાં;
કાયમ ભરત શીવણ માંહી, રકમ અમુક આપતાં—આજ૦ ૭
ધન્ય બ્રિટીશ રાજ્ય, ધન્ય કેળવણી ઉદારતા;
કોલેજો અનેક ભાષા, ઉમદું જ્ઞાન આપતા—આજ૦ ૮
ભૂવન માંહી વિદ્યા ભણી, હૃદય માંહી સ્થાપશું;
ગોડ સેવ ધિ કીંગ આશિષ હંમેશાં એ આપશું—આજ૦ ૯

(સંવત ૧૯૭૪ ના ચૈત્ર સુદ ૫ થી સુદ ૧૩ સુધી કડવાસણની ઝાડીના પીઠાધીશ મહારાજશ્રી ૧૦૮ દેવપુરીજી મહારાજશ્રી એકાશી, વડોદરા, ભરૂચ, અમદાવાદ વિગેરે સ્થળોથી વિદ્વાન શાસ્ત્રીજીઓને બોલાવી મહારૂદ્ર યજ્ઞ રૂપીઆ આશરે એક લાખ ખરચી કરાવ્યો. આ સ્થળ પાટડી હદનું તથા રાજ્યની ગુરૂ ગાદી હોવાથી નેકનામદાર દરબારશ્રી દોલતસિંહજી સાહેબ બહાદુરે પણ આવા ધાર્મિક કાર્યમાં દરેક જાતની સેવા કરી પોતે જાતે પણ દર્શનાર્થે પધારેલા હતા. દેસાઇ જાલમસિંહજી કલ્યાણસિંહજી તથા ગુલાબસિંહજી સાહેબે તથા પાટડીના અન્ય ગૃહસ્થોએ પણ સારો પરિશ્રમ લીધો હતો. આ કાર્યના આગેવાન શાસ્ત્રી શુકલ દયાશંકરભાઈ હરગોવિંદરામને પણ ધન્યવાદ ઘટે છે.)

શ્રી ગુરૂ સ્તુતિ.

રાગ ઠુમરી (શુભ ઘડી સુદિન આજે) એ ઢબ.

સુખમય મંડપ બિરાજે, આનંદ આજે,
પંડિત પરવર રાજે, ભૂમિકા છાજે (૨)
શાસ્ત્રીજી દર્શનો અવનવો લાભ સુ,
સજ્જનો સેવકો સુખેથી સોહાવે;
દેવ કચેરી દેવપુરી દિપાવે (૨)
દિપાવે ગુણી રીઝાવે....................
દેવ કચેરી દેવપુરી દિપાવે—સુખમય૦ ૧

અદ્રશ્ય રૂપે તો પ્રીતે ગુરૂને ગોવિંદ આવે,
સ્થાપિત દેવોની સાથે નારાયણ રિઝાવે;
ભિમપૂરી........ શિવપૂરી .... આશાપૂરી,
સ્વામિ જેસિંગપુરી, ગુજરાતપુરી (૨)—સુખમય૦ ૨

બાહુ વિશાળ વિશાળ પરાક્રમ, ભાલ વિશાળવંત ભારી,
રાજ્યનિતી પર પ્રિતી અનુપમ, અતિશય ઉત્તમ આચારી;
જેનો પરમ પ્રતાપ દેખીને, દુર્જન ઉલુક સદૈવ ડરો,
પૃથ્વિનાથ પાટડી તખ્ત પર, ક્રોડ દિવાળી રાજ્ય કરો. ૨
પંકજ મધુપ સમાન સર્વદા, પ્રભુ પદ પંકજ પર બહુ પ્રેમ,
ધર્મપરાયણ ધીર વીર વર, રંક જનો પર રાખે રે'મ;
વિશ્વંભર એના વર વપુનાં, હરદમ વિઘ્ન તમામ હરો,
પૃથ્વિનાથ પાટડી તખ્ત પર, ક્રોડ દિવાળી રાજ્ય કરો. ૩
દિર્ઘાયુષ કુમાર બેઉની, વાધો વંશ તણી વાડી,
પ્રતિદિન પામો વિજય વિશ્વમાં, દિલ શિવ ભક્તિ ચહો દા'ડી;
પર્મ સદા સદ્કર્મ સહિત વળી, ધર્મ છત્ર શિર સદા ધરો,
પૃથ્વિનાથ પાટડી તખ્ત પર ક્રોડ, દિવાળી રાજ્ય કરો. ૪

મુબારકબાદી–સં. ૧૯૮૧ કારતક સુદ ૧ બુધવાર.

રાગ કલ્યાણ. ત્રેતાલ (મંગળકર ભવ ભય હર) એ ઢબ.

શેષ શયન કમલ નયન, જય હો જદુપતિ;
સખા બાલ ગૌવનપાલ, લર્જિત રાતપતિ— શેષ૦
પદ્મ પાંણી પરમહિત, લક્ષમાં લહો,
દિર્ઘ સ્વરૂપ સુક્ષ્મ રૂપ, સર્વમાં રહો;
અજર અમર લક્ષ્મિકાન્ત, અનૂપ છો અહો,
તારી..........ભારી..............કૃતિ ન્યારી.
ચતુર્ભાવ..........ચતુર્વેદ..........ચતુર્મૂર્ત્તિ— શેષ૦ ૧
નવિન હર્ષ....નવિન વર્ષ....છે એકાશીની,
નવિન નવિન ઉત્પન્ન થાઓ, ગ્રામ ગ્રાશની;

સંસ્થાન તખ્ત સદા, સુખી અવાસની,
શાન્તિ..............કાન્તિ..............સુખાકાર
દોલત તેજ બેઉ કુમાર, આરોગ્ય ફૂર્તિ— શેષ૦ ૨
મત્સ્ય, કૂર્મ, વરાહ, વામન, જય જનાર્દનં,
જય ગોવિંદ, માધવ મુકુંદ, જય મધુસુદનં;
વિશ્વ ભૂપ વાસુદેવ, વિશ્વ વિદ્વોત્તમં,
જામો..............પામો..............પ્રેમ તરંગ,
સદા હી શ્યામ....કરો કલ્યાણ....ભવ્ય ભૂપતિ— શેષ. ૩

ગાયન.

રાગ (થઇ પ્રેમ વશ પાતળીઆ) એ ઢબ.

દરબારશ્રી દોલત દયાળુ, સદા સોહે શ્રીમાન કૃપાળુરે–દરબાર૦
માન્યવંત રહો અવિચળ ગાદી, ઉજ્વળ કિર્ત્તિ પ્રસારી,
જેની તેગ તિક્ષણ છે ભારી (૨)
વળી નિતિ રિતિ શુદ્ધ નિહાળું રે— દરબારશ્રી૦ ૧
રાજ્યનિતીમાં પુરણ પ્રતાપી, રજવટ અંગ અપારી,
જાણે નેત્ર કમળ પર વારી (૨)
કરૂણામય મુખડું ભાળું રે— દરબારશ્રી૦ ૨
છો જશવંતા જશના લોભી, કાર્ય સુજશ કરનારા,
વળી વસ્તીને પ્રાણથી પ્યારા (૨)
નથી કામ નજરથી ન્યારૂં રે— દરબારશ્રી૦ ૩
ગુણી જાલુભા ગુલાબસિંહજી, સંગે બંધુની શુભ જોડી,
કદી આજ્ઞા શકે નહિ તોડી (૨)
જેણે તન મન અર્પ્યું સારૂં રે— દરબારશ્રી૦ ૪

સચિવ શાણા બંને શોભે, વસ્તિ હીત કરનારા,
બાંધે નિરમળ ન્યાઇ ધારા (૨)
ખુદ રાજ્ય અંગ એ ધારૂં રે—   દરબારશ્રી૦ ૫
વિશેષયોક્તિ શી કવિઓ વખાણે, છો દેવાંશી અવતારી,
વળી પદ્ય રેખા છે ભારી (૨)
કહે ભોજવા મુકામે કવિ કાળુ રે—   દરબારશ્રી૦ ૬

શ્રી નવું ગામ મોજે દોલતપુર વસાવ્યાની સંક્ષેપ નોંધ.

(કવિતા સાથે)

સંવત ૧૯૮૦ ના મહા વદ ૧૦ શુક્રવાર તા. ૨૯ માહે ફેબ્રુઆરી સને ૧૯૨૪ દિને પ્રભાતના ચળ, લાભ તથા અમૃત ચોઘડીઆમાં મોજે ગોરૈયાની હદના શ્રી મૂળવદરના પામાં જકસીવાળી તળાવડીથી ઉગમણી તરફ અખંડ પ્રૌઢ પ્રતાપી નેકનામદાર દરબારશ્રી દોલતસિંહજી સુરજમલસિંહજી સાહેબ બહાદુર તથા દિવાન સાહેબ પટેલ મગનલાલ રણછોડદાસ વિદ્યમાન તથા બક્ષી ઇશ્વરલાલ કાનદાસ તથા ભાયાત વર્ગમાં દેશાઈ હીરસિંહજી રણછોડભાઇ તથા વડગામવાળા દેસાઇ અમરસિંગ લલ્લુભાઇ તથા પારી. રણછોડલાલ કાનદાસ તથા દેસાઇ શીવલાલ કાશીદાસના ચાલુ વહીવટ હથુ તથા આસિ. વહીવટદાર પંડ્યા રામભાઈ રૂગનાથ તથા ભાયાતી વહીવટદાર પારી. મણીલાલ રણછોડદાસની હાજરીમાં વિદ્વાન પંડિત પાસે શાસ્ત્ર વિધિયુક્ત શુભ વાસે, શુભ મુહુર્ત્તે શ્રી હનુમાનજીની તથા શ્રી મહાશક્તિની પ્રતિષ્ઠા સાથે ગામ મોજે દોલતપુર નામે સુમંગલ નામ ધરાવી શુદ્ધ હૃદયી પવિત્ર ઠાકર પુરૂષોત્તમ જીભાઇ હસ્તક તોરણ બાંધ્યું. મંગળ મુહુર્તમાં કરબંધી, ૫૧ શાંતીનો લેખ થયો. આ ગામ બાંધવાના પ્રથમ પ્રયાસમાં ગામ ખંડેરપુરાના પા. પુંજાભાઇ દમાભાઈ શાખે ઝાલોરીઆ તથા ગામ ઇસ્મતપરાના પા.

મનજીભાઇ રૂડા સાખે કંડીઆની તથા પોતાના સગા સંબંધીઓ એટલે ખંજેલીના પા. જીવાભાઈ તથા પા. ભુદરદાસ તથા પા. પીતાંબર તથા પા. જહરાજ તથા માનપુરના પા. જીવાભાઇ તથા કલ્યાણપુર, મનીપુર વિગેરેનાં શાંતી લાવવાનો પુરતો પ્રયાસ તથા શરૂઆતમાં પોતે ઉમેદથી રાજ્ય વફાદારી જણાવવાથી ખુદાવીંદ નેક નામદાર હજુરશ્રીએ પ્રસન્ન થઈ પા. પુંજાભાઇ દમાને રેવન્યુ મુખીની પદવી બક્ષી. કસબી પાઘડી, શેલાનો શિરપાવ ઈનાયત કર્યો, તથા પા. મનજીભાઇ રૂડાને મતાદારી બક્ષી. કસબી પાઘડી, શેલાનો શિરપાવ બક્ષ્યો.

આ કામમાં ગોરૈયાના મુખી દલપત ડોસાભાઇએ તથા પા. નરસી મોતીલાલ બન્ને શાખે બાવળીયા તથા પા. મોતીદા ઘેલા શાખે વાલાણી તથા પા. શીવદાસ વસરામદાસ શાખે જગોદણા તથા પા. ડુંગર નરસીદાસ શાખે ભલાણી તથા પા. ડાયા વેલદા સાખે જાકાસણીઆ નવા તથા દલવાડી ભીખા અજા તથા મેતા શંભુરામ જગન્નાથ તથા સુતાર વાલાજી નારણને પોતાની રાજ્ય વફાદારી જાણી દરેકને કસબી પાઘડી, શેલાનો શિરપાવ કરેલ છે.

આ શુભ કામમાં મદદગાર વહીવટદાર પંડયા રામભાઇ રૂગનાથજી તથા ભાયાતી વહીવટદાર પારી. મણીલાલ રણછોડદાસ તથા ઠાકર પરસોતમદાસે ખરા જીગરથી દરેક કામમાં ભાગ લીધો છે તેમાં જમીન સબંધી ભાગલા પાડવા સારૂ જમીનની ફરી ભરતરી કરવામાં પારી. મણીલાલ રણછોડદાસ તથા ગઢવી કાળીદાસ ગરમેરભાઇએ તમામ સીમની જમીન દોરી ભરતરથી ભરી નકશા સાથે જમીનના નંબર તથા જાતવારી કરી આપવામાં માસ એક આ કામમાં ખરા જીગરથી લીધો છે અને દરેક ખેડુતને ખેડાંણ તથા પડતરની વહેંચણી સારી રીતે મનસંતોષ થઈ છે. આ પ્રસંગે માજી વહિવટદાર દેસાઇ વ્રજલાલ દામોદરદાસે ઘણો અગત્યનો ભાગ લીધો હતો. તોરણ બાંધવાની તથા ગામ દેવોની પ્રતિષ્ઠાની માંગલિક ક્રીયા

પંડિત શુક્લ રાઘેવલ્લભ મૂળશંકરભાઈએ કરી હતી. ગોરૈયા, ભુંડ તથા વડગાસ તથા પાડોશના ગામનાં તથા નવી વસ્તી પૈકીનાં વિગેરે મળી આશરે પંદરસો માણસોને ગોર મણીશંકર રેવાશંકર હસ્તક બનાવેલ કંસાર પીરસી ઉપર ધારે ઘીનું જમણ આપ્યું હતું.

કહેવત છે કે "શુકનથી શબ્દ આગળ" એ નિયમ મુજબ દરેક વ્યક્તિના મુખથી એવું વચન સાંભળવામાં આવતું હતું કે વસ્તી વધારો થઈ ગામ ઘણું આબાદ બનશે અને નેકનામદાર દરબારશ્રી દોલતસિંહજી સાહેબના શુભ નામથી ગામનું નામ દોલતપુર રાખ્યું. તેથી દોલત યાને (લક્ષ્મિ) થી ગામ હમેશાં સુખી રહેશે.

આ ગામ વસાવવામાં કાટવળો વિગેરે આપવાનો કોન્ટ્રાકટ પાટડીના પારી. ડાહ્યાભાઈ છગનલાલે રાખેલ તેમણે પારી. કેશવલાલ બાળ મુકુન્દદાસ તથા પારી. ચુનીલાલ જેઠાભાઈ બન્ને લાટીવાળાને પેટા ભાગમાં ભેળવી ઘણી ત્વરાથી માલ મંગાવવા તથા પોતાની જાતની દેખરેખથી માલ ખરીદ કરવા ઉત્સાહ રાખ્યો. જેથી મકાનો વિગેરેને માટે ઘણાં સારાં મજબૂત દોરીઆં, વળી, વિગેરેનો માલ મુદતસર પુરો પાડયો અને અધિકારી વર્ગનું તથા વસ્તીનું મન સંતોષ કર્યું. વળી ટુંક મુદતમાં માલ તમામ પુરો પાડયો. જેથી આ નવા ગામની ઉત્સાહ યાદગીરીમાં તેમને પણ ધન્યવાદ મેળવ્યો છે. મોદીખાનાનું કામકાજ વોરા શંભુરામ હરજીવને સારા ઉત્સાહથી કરેલ છે.

આ શુભ કામમાં ગોરૈયા હવાલદાર સૈયદ પીરભાઇ ચાંદભાઇ તથા ઉપરી સૈયદ હુસેનખાં મોતીભાઈ તથા રસોયા મેતા મોહનરામ રૂગનાથે ખરા અંતઃકરણથી નોકરી બજાવી છે. પાટડીવાળા સુતાર અંબારામ ધર માળવાનો કોન્ટ્રાકટ રાખેલો તેમણે પણ હોંશથી કામ કરેલ છે.

આ જગોએ ગામ વસાવવામાં નામદાર હજુરશ્રીની તથા દિવાન સાહેબ મગનલાલભાઇની તથા ડેપ્યુટી કામદાર સાહેબ માણેકલાલ

ચીમનલાલની તથા દેસાઇ ઝીણાભાઇ મગનલાલ તથા વહીવટદાર શીવલાલ કાશીદાસની ઘણા વખતથી ઉર્મિ હતી, તે પરમકૃપાળુ પરમાત્માએ પાર પાડી છે, તેવીજ રીતે ગામ વસ્તીએ ભોમિકામાંથી દરેક જાતની ઘણી પેદાવરી લઈ આરોગ્યતા સહ આબાદ બનો એવી પ્રભુ પાસે સર્વેની માગણી છે.

આ પ્રસંગની યાદગીરીની કવિતા.

દોહા.

સંવત નભ વસુ ખંડ શશિ, મંગલ માઘ હી માસ;
૦ ૮ ૯ ૧
કૃષ્ણ પક્ષ દશમિ શુકર, દોલતપુર કો વાસ. ૧
મૂળ નક્ષત્ર શુદ્ધ હૈ, સિદ્ધી યોગકી છાંહિ;
નૃપ દોલતસિંહ થપ્પીઓ તોરન મંગલ ત્યાંહિ. ૨
ધનકે ચંદ્ર પ્રભાતમેં, ધાન્ય ધરા અતિ દેહિ;
રિદ્ધિ સિદ્ધી સર્વદા, નૃપ રૈયત સુખ લેહિ. ૩
"મૂલ વદર" કી ભોમિકા, વસિયો દોલતપૂર;
દોલતવંત રહો સદા, નિત નિત વધતે નૂર. ૪

છંદ ભૂજંગી.

મહા મંગલમ્ શુભં વાસ કાજં, પધારે ભૂપાલં દિનેશં બિરાજં;
હનુમંતકી થાપના ઓર સૂરં, દિપો હી રઘિવંત દોલતપૂરં. ૧
મહાશક્તિ મૈયા સુરક્ષા કરંતિ, કૃપાવંત માજી કોઠારો ભરંતિ;
મહા ચંડિકા રોગ દોગો નિકુરં, દિપો હી રઘિવંત દોલતપૂરં. ૨
એહી ભોમિકા લક્ષ ભંડાર આપે, એહી ભોમિકા દુઃખદાળિદ્ર કાપે;
નઇ વસ્તીકો હી રહો નેહ નૂરં, દિપો હી રઘિવંત દોલતપૂરં. ૩
મહા "મગ્ન"સો કામ દિવાન દરસે, પ્રજાપાલમેં પ્રેમકો મેહ વર્ષે;
સુખી વસ્તી રહેવે એહી સ્નેહ ઉરં, દિપો હી રઘિવંત દોલતપૂરં. ૪

મિલી સંમતિ ખાસ 'માણુક' કેરી, ઝિણુભાઈકો પ્રેમ જાદે મિલ્યોરી;
ઓપાવ્યો બડો કાજકોં રાજસૂરં, દિપો હી રધિવંત દોલતપૂરં. ૫
સુમંતિ સદા ભાયસાથાં પ્રસંગિ, 'હિરાભાઇ' રનછોરકો હે ઉમંગી;
ગુલાબેં રહે જાલુભાઇ ગરૂરં, દિપો હી રધિવંત દોલતપૂરં. ૬
મહાવહીવટી કાજમેં માન પામે, શિવાલાલકો પ્રયાસ વધતા સુગામે.
સદા સુજ્ઞકી ચાહ રાખે હજુરં, દિપો હી રધિવંત દોતલપૂરં. ૭
રહો ઇશ્વરી બક્ષીસો કામ આગે, દુનિમેં જેહી દ્વેષી સો દૂર ભાગે;
રૈયતાં રહો એક સંપી સબુરં, દિપો હી રધિવંત દોલતપૂરં. ૮
કૃષિકાર વાણિજ્ય વેપાર કરતા, વસો શ્રેષ્ટ સોનાર સોનું ઘડંતા;
વસો વાસ કારીગરો શક્તિ વુરં, દિપો હી રધિવંત દોલતપૂરં. ૯
નિકી પાઘ બાંધી પૂજા હી પટલં, મતાદાર મનજી સો રહેવે અટલં;
વફાદાર રહેવે સદા કાજ સૂરં, દિપો હી રધિવંત દોલતપૂરં. ૧૦
જહાં સૂર્ય ચંદા તપત્તે તખત્તં, જહાં નિર્મલં ગંગ વહત્તે વખત્તં;
કવિ **શ્યામ** આશિષ દેવે જરૂરં, દિપો હી રધિવંત દોલતપૂરં. ૧૧

છપ્પય.

ગામ ગોરૈયા પાસ, દિવ્ય દોલતપુર વાસ્યો,
તખત પાટરી પુર, નૃપતકો દીલ હુલાસ્યો;
મૂલ વદરકો ઠામ, ભોમિકા ઉજ્વળ ભાષિ,
શિવ કૃપા હે સંત્ય, રામકો રાજ્ય હુલાશી.
શ્યામં કવિ સુખ સર્વદા, વફાદાર વસ્તી રહો;
ધર્મ કાજ ધારી રૂદે, લા'વ અતિ લક્ષ્મિ લહો. ૧૨

નીતિથી આત્મબોધ.

રાગ–કહાનરો (આવરદા વ્યર્થ ગુમાવી) એ ઢબ.

નમીએ જગ સો નર ભારી (૨)
લઘુતાઇ છે સૌથી મોટી, જુઓને વેદ વિચારી—નમીએ૦
પાંડવ નિશદિન ધર્મજ પાળે, કૌરવ થયા દુઃખકારી;
દગો કરીને જુગટુ રમાડ્યા, હરામી બેઠા હારી—નમીએ૦ ૧
હરિશ્ચંદ્ર હેરાન થયા પણુ, ધીરજ ઉરમાં ધારી;
સો વાતે તો સત્ય ન મૂકયું, મળિઆ દેવ મોરારી—નમીએ૦ ૨
નમનતાઇથી નિશ્ચે તરીયાં, મિરાંબાઇ જે નારી;
વળી વિવેક, વિચાર, વિનયતા, શોભે જગમાં સારી—નમીએ૦ ૩
પ્રેમે પ્યારી મુરતી સુજને, લાગે કુંજબિહારી;
શ્યામ કહે છે નિશ્ચે નમીએ, નિત ઉઠી ગિરધારી—નમીએ૦ ૪

રાગ–(શાને શાને રીસાયે શાણી હો) એ ઢબ.

જામી જામી અનીતિ જામી હો, ઉંચ જાતી અધમ ગતી પામી.
વણિક બ્રાહ્મણુ વિતને માટે, ફરતા ફરે છે ખોટા ઘાટે;
બહુ ઢુંગ રચી બદનામી હો, ઉંચ જાતી અધમ ગતી પામી. ૧
હોય સુતા તો હામ ભરે છે, વેચી વૃદ્ધને દામ કરે છે;
તોય પેટ ભર્યાની ખામી હો, ઉંચ જાતી અધમ ગતી પામી. ૨
નાત વિમુખા ભટકી ફરતા, કામ અહોનિશ નીચનાં કરતા;
એવા કઇક જોયા મેં કામી હો, ઉંચ જાતી અધમ ગતી પામી. ૩
શ્યામ કહે છે આ સંસારે, દુઃખ ભોગવી આખર આરે;
પોતે જાશે જમપુરી પામી હો, ઉંચ જાતી અધમ ગતી પામી. ૪

કહી જે તેમ દેસાઇરા કુળમાં, भाणजी જેહડા મરદ ભારી;
સતારા ધણીની અકલથી દોસ્તી, ધરાસર હામ ભડ ટેક ધારી. ૩
[૧]જકે કુળ આવીયા ભૂપ, अदमल જસા જમાવી કિરતી મુલક જાદી;
આપરા તપોબળ રાજરી ઉપરેં, અવર રાજાંસરે નંબર આદી. ૪
[૨]ત્રઠે વધીયું બહુ ધરમ કડવાતણું, ચહુંદશે મુલકમાં નામ ચા'વોં;
દોખીયાં વંદને [૩]ભજાબળ દબાવ્યા, ભૂપ દેસાઈ થયા મરદ भावो. ૫
રાજવટ બણી સરમોડ नथराजरी, તે પછી થયા वखतेस તાલે;
[૪]અર્યીમન કરે નહીં એહથી [૫]આંબળો,ભજાબળરાખીયોજોર ભાલે. ૬
અધિપત તેમ कुबेर પ્રાજ્યા અઠે, નવડ जोरावरं [૬]બોહ નામે;
નવેનત બણાવી વિદારા નોકથી, સબળ ભડ થાય નઇ કોય સામે. ૭
કયેં हिंमत ને મરદ सूजो કમી, જમાવ્યો રાજરો શાહ જામો;
અધિક હુકમ સરકારથી અપાણો, નવે ખંડ [૭]વજીતો કીયો નામો. ૮
ઇષ્ટની કૃપાથી ધરમ રાખ્યો અબે, દનોદન રધિ હીલોળ દરિયા;
પુત્ર दोलत કમી સુખરી પ્રાપ્તી, વસુધા ઉપરે કીત વરીયા. ૯
અવિચળ પાટડી તખત દોલત અબેં, ધરમ આદુ તણો અંગધારી;
એહદ રાજમહેલને બગીચા બનાવ્યા,કહીજે પ્રજા તેમ સુખકારી.૧૦
દિવ્યતા અવિચળ રહો દેસાઇરી, જરૂ પુત્રાં તણી જોડ જોપે;
રામરે દ્વાર જેમ कुश—लव રમંતા, અવધપુર સરીખો ઠાઠ ઓપે. ૧૧
કવિ પથઆલકે' સાચ ભાખી કહ્યું, રાધકા[૮]કશન રો' સદા રાજી;
સદા નીજપુન્યથી વધો નિત સાયબી,[૯]તતાઘણુમુલ ઘોડાર તાજી.૧૨

---

૧ એહ કુળમાં. ૨ તેથી. ૩ બાહુબળ. ૪ દુશ્મન. ૫ અભિમાન.
૬ ઘણો. ૭ છતો. ૮ કૃષ્ણુ પરમાત્મા. ૯ ચંચળ ઘોડા.

યુવરાજ વિચાર.

(૧) યુવરાજ અને કાર્યભારી વર્ગ આ બન્ને ક્રમવાર રાજાની જમણી અને ડાબી ભૂજા, આંખ તથા કાન ગણાય છે. જો આ બે ન હોય તો રાજા હાથ, આંખ, અને કાન વગરનો કહેવાય છે; માટે રાજાએ યુવરાજ અને કાર્યભારી તે બન્નેની પરીક્ષા કરીને તે બંનેની તેમના સ્થાન ઉપર નિમણુંક કરવી. બરાબર તપાસ કર્યા વગર રાજા યુવરાજની તથા કાર્યભારીની નિમણુંક કરે છે તો મંત્રિ કે યુવરાજ મહા અનર્થ કરે છે.

(૨) હંમેશાં આળસ રહિત થઇ રાજ્યનો વહીવટ ચલાવવા સમર્થ એવા પોતાની ધર્મપત્નીથી ઉત્પન્ન થએલા ઔરસ પુત્રને યુવરાજનું પદ આપવું. ઔરસ પુત્ર ન હોય તો પોતાના નાના ભાઇને અથવા તો અવસ્થામાં પોતાથી નાના પોતાના કાકાને અથવા મોટાભાઇના પૂત્રને અથવા તો પુત્ર તરીકે લીધેલા દત્તક પુત્રને યુવરાજના સ્થાનક ઉપર નીમવા. ઉપર જણાવેલા પુરૂષોમાંનો કોઇ પણ ન હોય તો પછી ક્રમવાર પોતાના દોહીતરાને અથવા તો પોતાના પ્રેમપાત્ર મનુષ્યને યુવરાજની જગા ઉપર નીમવો અને પોતાના હિતને માટે રાજાએ તે યુવરાજનું મન કોઇ દિવસ દુભાવવું નહિ.

(૩) રાજપુત્રો સદા સ્વધર્માનુસારી, શૂરવીર, નિરંતર ભક્તિમંત, નીતિસંપન્ન, તથા બાળક હોય છતાં પણ રાજાએ પ્રયત્નપૂર્વક તેની સંભાળ રાખવી.

(૪) રાજા રાજકુમારોને ધનમાં લોભાવે છે અને તેને સ્વતંત્ર વર્તવા દે છે તો તેઓ રાજાનો નાશ કરે છે અને રાજા કદાચ તેઓને પોતાના સ્વાધિનમાં રાખે છે તો પણ કોઇ રીતે રાજાનું છિદ્ર તેઓના જાણવામાં આવે છે તો તેઓ સિંહનાં

બચ્ચાં જેમ હાથીનો નાશ કરે છે તેમ રાજાનો તુરત નાશ કરે છે.

(૫) નિરંકુશ હાથીની પેઠે મદમત્ત થએલા અને મર્યાદા રહિત રાજપુત્રો જ્યારે પીતાનો અને ભાઇનો નાશ કરે છે, ત્યારે બીજાનો શા માટે નાશ કરે નહિ ? મૂર્ખ તથા બાળક પણ પ્રભુતા મેળવવાની ઇચ્છા કરે છે, ત્યારે તરૂણ પુરૂષ શા માટે પ્રભુતા મેળવવાની ઇચ્છા કરે નહિ ?

(૬) રાજાએ પોતે નિરંતર કુશળતા વાપરીને સારા અનુચરો દ્વારા, રાજપુત્રોના મનનો અભિપ્રાય જાણી લેવો અને તેઓને પોતાની નિકટમાં રાખીને તેનું રક્ષણ કરવું. રાજાએ કાર્યભારી આદિક દ્વારા, રાજકુમારોને સારા નીતિ શાસ્ત્રમાં કુશળ કરવા, ધનુર્વેદ વિદ્યામાં વિશારત કરવા, નિરંતર ક્લેશ સહન કરી શકે તેવા દ્રઢ બનાવવા, કટુ વાણી તથા મહાશિક્ષા સહન કરી શકે તેવા બનાવવા શૌર્ય રસમાં અને યુદ્ધમાં નિપુણ કરવા. સર્વ કળામાં અને વિદ્યામાં જાણીતા કરવા તથા શિઘ્રતાથી કામ કરનારા અને રૂડા વિનય સંપન્ન બનાવવા.

(૭) વળી તે રાજકુમારોને સારાં વસ્ત્રો અને આભૂષણોથી શણુ-ગારવા, સુંદર રમકડાંઓ આપીને રમાડવા, આસન વિગેરે આપીને માન આપવું તથા સારાં ભોજનો વડે તેઓનું પોષણ કરવું. આ પ્રમાણે રાજકુમારોને ઉછેરીને યુવરાજપદને યોગ્ય કરવા અને પછી તેઓનો યુવરાજપદ ઉપર અભિષેક કરવો.

(૮) જે રાજકુળમાં રાજકુમાર વિનય રહિત હોય તે રાજાનું કુળ તુરત નાશ પામે છે. રાજકુમાર દુરાચરણી હોય તો પણ રાજાએ તેનો ત્યાગ કરવો યોગ્ય નથી. રાજાએ ત્યાગ કરેલો રાજકુમાર અત્યંત કષ્ટ પામે છે, ત્યારે શત્રુનો આશ્રય કરી પીતાનો નાશ કરે છે.

(૯) રાજાએ સ્ત્રી અને મદીરા આદી વ્યસનમાં બંધાયલા અવિનયી રાજકુમારને વ્યસન કરનારા લોકો દ્વારા દુઃખ અપાવવું અને બેહકેલા હાથીની પેઠે ઉન્મત્ત થએલા દુષ્ટ કુમારને સહજથી વશ કરવો.

(૧૦) દુરાચારી ભાગીદારો રાજ્યનો ઉદય થવા દેતા નથી; માટે રાજાએ રાજ્યની વૃદ્ધિ નિમિત તેવા દુષ્ટ ભાગીદારોનો સિંહાદિક દ્વારા, શત્રુ દ્વારા અથવા તો કપટ દ્વારા પ્રયત્નથી નાશ કરવો. રાજા જો દુષ્ટ ભાગીદારોનો નાશ કરતો નથી તો તેઓ પ્રજાનો અને રાજાનો નાશ કરે છે.

(૧૧) ભાગીદારોએ ઉત્તમ પ્રકારના ગુણોથી રાજાને સંતુષ્ટ રાખવો. જો ભાગીદારો રાજાને પ્રસન્ન રાખતા નથી તો પોતાનો રાજ્ય ભાગ તથા જીવન બન્ને ખુએ છે.

(૧૨) રાજકુમારે યુવરાજપદ મેળવીને પણ અભિમાન કરવું નહીં. તથા માતાને, પિતાને, ગુરૂને, ભાઇને, બહેનને અથવા તો બીજા રાજ્યવલ્લભ પુરૂષોને રાજની સંપતી આપવી નહીં; તાત્પર્ય કે બહુ ધન ઉરાડવાથી રાજ્ય લક્ષ્મિનો નાશ થાય છે.

(૧૩) દેશમાં વસતા માન્ય પુરૂષોનું અપમાન કરવું નહીં, તેઓને દુઃખ પણ દેવું નહીં અને મોટું ઐશ્વર્ય મળે તો પણ પોતાના પિતાની આજ્ઞામાં વર્તવું તે પુત્રનું પરમ ભૂષણ ગણાય છે.

(૧૪) પિતાની આજ્ઞાથી પરશુરામે માતાનો નાશ કર્યો હતો અને રામ વનમાં ગયા હતા. પરશુરામે તથા રામે પિતાના તપો-બળથી માતાને તથા રાજ્યને ફરી મેળવ્યાં હતાં; માટે જે પુરૂષો શ્રાપ દેવા તથા અનુગ્રહ કરવા સમર્થ હોય તે પુરૂષની આજ્ઞા મોટી ગણાય છે.

(૧૫) યુવરાજે સઘળા સહોદરોને પોતાની પ્રભુતા બતાવવી નહીં તથા તેઓનું અપમાન પણ કરવું નહીં; કારણ કે દુર્યોધન

રાજ્ય ભાગ લેવાને યોગ્ય એવા પાંડવોનું અપમાન કરવાથી વિનાશને પામ્યો હતો.

(૧૬) રાજકુમારો જગતમાં ઉત્તમ રાજ્ય મેળવ્યા પછી પણ જો પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે તો તેઓ દાસની માફક યયાતિ રાજાના પુત્રોની માફક અને વિશ્વામિત્રના પુત્રોની માફક રાજ્યપદ ઉપરથી ભ્રષ્ટ થાય છે; માટે રાજપુત્રોએ નિરંતર મન, વાણી અને કાયાથી પિતાની સેવામાં પરાયણ રહેવું. જે કામ કરવાથી પિતા પ્રસન્ન થાય તે કામ નિત્ય કરવું. જે કામ કરવાથી પિતાના મનમાં જરા પણ ખેદ થાય તે કામ કરવું નહીં. જેના ઉપર પિતાનો પ્રેમ હોય તેના ઉપર રાજપુત્રે પણ પ્રેમ રાખવો અને જેના ઉપર પિતાની અપ્રીતિ હોય તેને રાજકુમારે પોતાનો પણ શત્રુ ગણવો. જે બાબતમાં પિતાનો મત ન હોય અથવા તો પિતાના વિચારથી વિરૂદ્ધ હોય તેવું કામ કરવું જ નહીં. પિતા દુતોને લીધે તથા ચાડી કરનારા લોકોના દોષના લીધે પોતાની સાથે જો વિપરીત વર્તતા હોય તો પ્રકૃતિ મંડળનો વિચાર લઇને એકાંતમાં પિતાને સમજાવવો અને સમજાવવા છતાં પણ પિતાને સંતોષ થાય નહીં તો ચાડી ખાનારા ગુપ્ત દુત વિગેરે શઠ લોકોને નિરંતર મહા શિક્ષા કરવી.

(૧૭) રાજકુમારે નિરંતર પ્રકૃતિ મંડળના મનનું કપટ જાણતા રહેવું (કાર્યભારી વર્ગ કપટ રમે છે કે નિષ્કપટથી રમે છે તેની શોધ કરતા રહેવું). પ્રભાતમાં ઉઠી નિત્ય પિતા, માતા તથા ગુરૂને નમસ્કાર કરવા અને પોતે જે જે કાર્ય કર્યા હોય તે તે સર્વ કાર્ય પ્રતિ દિવસ રાજાને નિવેદન કરવાં. આ પ્રમાણે રાજપુત્રે ઘરમાં સર્વની સાથે અનુકુળ થઇને રહેવું.

(૧૮) પ્રેમપૂર્વક વિદ્યા વડે, કર્મ વડે અને સુ સ્વભાવ વડે સમસ્ત પ્રજાને રંજન કરવી. ત્યાગી તથા સત્યવાદી થઇ સમસ્ત લોકો પોતાને વશ કરવા. આ પ્રમાણે આચરણ કરતો રાજકુમાર, શુક્લ પક્ષના ચંદ્રની પેઠે ધીરે ધીરે વૃદ્ધિ પામે છે અને નિષ્કંટક રાજ્ય મેળવી સારા સહાયક તથા મંત્રીઓની સાથે રહીને ચીરકાળ સુધી પોતાનું રાજ્ય ભોગવે છે.

ચોસઠ કળાઓ.

(૧૯) જુદી જુદી ક્રિયાઓ વડે જુદી જુદી કળાઓ થાય છે. મનુષ્ય જે જે કળાનો આશ્રય કરે છે તે કળાને નામે તેની જાતીનું નામ પડે છે.

૧ હાવ-ભાવ સહિત નૃત્ય જ્ઞાન.
૨ જુદી જુદી જાતનાં વાજીંત્રો બનાવવાનું તથા વગાડવાનું જ્ઞાન.
૩ સ્ત્રી અને પુરૂષોને બરાબર શોભતાં વસ્ત્રો તથા આભૂષણો પહેરાવવાનું જ્ઞાન.
૪ અનેક રૂપ પ્રગટ કરવાનું જ્ઞાન અને શય્યા ઉપર સારી રીતે પાથરવાનું જ્ઞાન.
૫ પુષ્પાદિકની માળા ગુંથવાનું જ્ઞાન.
૬ જુગાર, શેતરંજ વિગેરે રમતોથી લોકોના મનને રંજન કરવાનું જ્ઞાન.
૭ ચોરાસી આસન વાળીને રતી રમવાનું જ્ઞાન.
(આ સાત કળા ગાંધર્વ વેદમાં જણાવેલ છે.)
૮ પુષ્પ રસ, આસવ અને મદીરા આદી બનાવવાનું જ્ઞાન.
૯ પગમાં વાગેલી ફાંસને દુઃખે નહીં તેમ ગુપ્ત રીતે બહાર કાઢવાનું જ્ઞાન અને નાડીઓના ગડગુમડને કાપવાનું જ્ઞાન.
૧૦ અન્નમાં હીંગ આદી જુદા જુદા રસો મેળવીને રાંધવાનું જ્ઞાન.
૧૧ વૃક્ષમાં ફળ લાવવાનું, તેને રોપવાનું અને ઉછેરવા વિગેરેનું જ્ઞાન.
૧૨ પાષાણ તથા ધાતુઓને ભાંગવાનું જ્ઞાન અને તેની ભસ્મ કરવાનું જ્ઞાન.

૧૩ શેરડીમાંથી ગોળ, સાકર વીગેરે રસો બનાવવાનું જ્ઞાન.

૧૪ સોના રૂપા વગેરે ધાતુઓની મેળવણીનું તથા ઔષધિઓની મેળવણીનું જ્ઞાન.

૧૫ ધાતુઓમાં મળી ગએલી ધાતુઓને જુદી પાડવાનું જ્ઞાન.

૧૬ મિશ્રીત ધાતુઓમાં કઇ કઈ ધાતુઓ મળેલી છે તેનું જ્ઞાન.

૧૭ પ્રત્યેક વસ્તુમાંથી સાર કાઢવાનું જ્ઞાન.

(આ દશ કળા એટલે નં. ૮ થી ૧૭ સુધીની આયુર્વેદમાં જણાવેલી છે.

૧૮ અનેક ઢબથી બેસીને નિશાન તાકવાનું જ્ઞાન તથા શસ્ત્ર ફેંકવાનું જ્ઞાન.)

૧૯ અવયવોના ભાગમાં પ્રહાર કરવા તથા પરસ્પર ખેંચાખેંચી કરવી વિગેરે ભેદોથી મલ્લયુદ્ધ કરવાનું જ્ઞાન.

૨૦ મલ્લ લોકો પરસ્પર શસ્ત્રોથી યુદ્ધ કરતા નથી; પણ મુઠીઓ વડે બાહુ યુદ્ધ કરે છે. યુદ્ધ કરતાં મલ્લ મરણ પામે તો તેને પરલોક મળતો નથી અને જગતમાં યશ પણ મળતો નથી. શત્રુના બળનો અને ગર્વનો નાશ થતાં સુધી મલ્લયુદ્ધ કરવું તે કોને યશ આપે નહીં? (સર્વ કોઇને યશ આપે છે) માટે મનુષ્યે પ્રાણાંત સુધી બાહુ યુદ્ધ કરવું તેવું જ્ઞાન.

૨૧ આવતા ભયને નિવારણ કરવા માટે ઉપાયો યોજવા. બાહુઓથી અનેક પ્રકારે ભયંકર પ્રહાર કરવા, શત્રુને નીચે પાડી તેના ઉપર પડવું, તેને પ્રહાર કરવો અને પ્રમાદને વખતે તેને સારી પેઠે ગુંદવો. આ ક્રીયાને (નિપીડન) કહે છે અને તેમાંથી મુક્ત થવું. તેને (પ્રતિ) ક્રીયા કહે છે, આ પણ એક કળા છે.

૨૨ ટાંગેલા નિશાન ઉપર યંત્રાદિક અને અસ્ત્રોને મારવાનું જ્ઞાન તથા વાજીંત્રના સંકેત પ્રમાણે વ્યુહ આદિ રચનાનું જ્ઞાન પણ કળા જાણવી.

૨૩ હાથી, ઘોડા અને રથોને મંડળ વિગેરે જુદી જુદી ગતિઓથી ફેરવીને યુદ્ધ કરવાનું જ્ઞાન.

(આ પાંચ કળા ધનુર્વેદમાં કહેલી છે.)

૨૪ પદ્માસન, સ્વસ્તિકાસન વીગેરે આસનોથી તથા ધેનુ વિગેરે મુદ્રાઓથી દેવોને પ્રસન્ન કરવા તે કળા.

૨૫ હાથી અને ઘોડા વિગેરેનું સાર્થીપણું કરવું તે કળા તથા તેઓને જુદી જુદી ગતી શીખવવી તે કળા.

૨૬ માટીનાં, લાકડાનાં, પથ્થરનાં અને ધાતુનાં સારાં વાસણો બનાવવાં તે કળા.

૨૭ ચિત્રો વિગેરે ઓળખવાં તે કળા.

(આ ચાર કળાઓ જુદી જુદી કહી છે.)

૨૮ તળાવ, વાવ, દેવમંદિર અને સરખી ભૂમિ બાંધવાનું જ્ઞાન.

૨૯ સમય દર્શાવનારાં ઘડી વીગેરે યંત્રો બનાવવાનું જ્ઞાન.

૩૦ અનેક જાતનાં યંત્રો બનાવવાનું કામ પણ કળા કહેવાય છે.

૩૧ વસ્ત્રોને ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ જાતના રંગો લગાવીને તેને રંગવાં તે કળા.

૩૨ જળ, વાયુ, અને અગ્નિ એ ત્રણનો સંયોગ કરીને અથવા તો તેના વેગોને અટકાવીને કાર્ય કરવું તે કળા.

૩૩ વહાણ તથા રથ વિગેરે વાહનો બનાવવાનું જ્ઞાન.

૩૪ દોરાઓ અને દોરીઓ વણવાનું જ્ઞાન તેને કળા જાણવી.

૩૫ જુદા જુદા તાંતણાને એકસાથે જોડી દઇને વસ્ત્રો વણવાનું જ્ઞાન.

૩૬ સોના–રૂપાની ખરી ખોટી પરિક્ષાનું જ્ઞાન અને બનાવટી સોનું, રૂપું તથા રત્નો કરવાનું જ્ઞાન તે કળા જાણવી.

૩૭ સોના વિગેરે ધાતુઓનાં ઘરેણાં કરવાનું જ્ઞાન, સોના–રૂપા કે બીજી ધાતુનાં ઘરેણાં ઉપર ઓપ ચઢાવવાનું જ્ઞાન તથા પીત્તળ વિગેરે ઘરેણાં ઉપર સોના રૂપાનાં પાણી ચઢાવવાનું જ્ઞાન.

૩૮ ગાય, ભેંસ વિગેરે દોહવાથી માંડીને, તેના દુધમાંથી માંડીને, ઘી કરવાનું જ્ઞાન, તે કળા જાણવી.

૩૯ કપડાં વિગેરે શીવી અંગ ઉપર બરાબર બંધ બેસતાં કરવાનું જ્ઞાન અને બે હાથ વડે પાણીમાં તરવાનું જ્ઞાન તે કળા છે.

૪૦ ઘરનાં વાસણોને સારી રીતે માંજવાનું જ્ઞાન, લુગડાં ધોવાનું જ્ઞાન, તલમાંથી તેલ વીગેરે કાઢવાનું જ્ઞાન, હળ વડે ખેતર ખેડવાનું જ્ઞાન તથા ઝાડ વિગેરે રોપવાનું જ્ઞાન તે કળા છે.

૪૧ સામા માણુસના મનમાં પ્રેમ ઉપજે એવી સેવા કરવાનું જ્ઞાન, વાંસ તથા ખડ વિગેરેના કરંડીઆ બનાવવાનું જ્ઞાન તે કળા જાણવી.

૪૨ કાચ વિગેરે મટોડીનાં પાત્રો, રમકડાં વીગેરે બનાવવાનું જ્ઞાન, ઝાડ વિગેરેને પાણી પાવાનું જ્ઞાન, કુવામાંથી પાણી કાઢવાનું જ્ઞાન, લોઢાનાં શસ્ત્રો અને અસ્ત્રો બનાવવાનું જ્ઞાન; હાથી, ઘોડા, બળદ, ઉંટ વિગેરે ઉપર પલાણુ–ગાદી વીગેરે માંડવાનું જ્ઞાન; નાનાં છોકરાંઓને ઉછેરવાનું જ્ઞાન, તેડવાનું તથા રમાડવાનું જ્ઞાન, અપરાધી માણુસને શિક્ષા કરવાનું જ્ઞાન તે કળા છે.

૪૩ ભિન્ન ભિન્ન દેશના ચોખ્ખા અક્ષરો લખવાનું જ્ઞાન, પાનનું રક્ષણુ તથા કાથો ચુનો કેટલો નાંખવો, બીડું કેમ વાળવું અને કેમ ખાવું તેનું જ્ઞાન તે પણુ કળા કહેવાય છે.

[શુક્ર નીતિ.]

અશ્વ પરિક્ષા.

(૧) જે ઘોડાનું મુખ ચાલીશ આંગળ મોટું હોય તેને અત્યુત્તમ અને જેનું મુખ છત્રીસ આંગળનું હોય તેને ઉત્તમ અશ્વ કહ્યો છે.

(૨) જેનું મુખ બત્રીશ આંગળનું હોય તેને મધ્યમ અને જેનું મુખ અઠ્ઠાવીશ આંગળનું હોય તેને નીચ ઘોડો કહ્યો છે.

(૩) ઘોડાના સઘળા અવયવોની રચના તેના મુખના માપના પ્રમાણે કરવી અને ઉંચાઇ મુખના માપ કરતાં ત્રણુ ઘણી અધિક કરવી કહી છે.

(૪) ઘોડાના મસ્તક મણીથી માંડીને પુચ્છ પર્યંતની લંબાઇ મુખના માપ કરતાં ચાર ઘણી અને એકતૃતીયાંશ અધિક કરવી.

(૫) પેટનો વિસ્તાર ત્રણુ ઘણો અને ત્રણુ આંગળ જેટલો વિશેષ જાણવો. આ માપ સાધારણુ કહ્યું, હવે વિસ્તારથી માપ કહું છું.

(૬) અઠ્ઠાવીશ આંગળના મુખવાળા નીચ અશ્વને આધારે ભરત કહું છું. જેમ પગના ડાબલા ત્રણુ આંગળ ઉંચા હોય તેમ મણીબંધ (ડાબલાની ઉપરનો ભાગ) ચાર આંગળનો જાણવો.

(૭) વિદ્વાનોએ જાંઘ ચાર હાથ અને એક આંગળ જાણવી. ઘુંટણુને ત્રણુ આંગણુના જાણવા.

(૮) કો'ણીથી કાંધ પર્યંતનો વિસ્તાર આડત્રીશ આંગળનો જાણવો. પાછળના સાથળ મુખની પેઠે અઠ્ઠાવીશ આંગળના જાણવા. અને પાછળની જાંઘને એકચતુર્થાંશ કરતાં ઓછી જાણવી.

(૯) ઘોડાનો સારી પેઠે વિસ્તારવાળો કંઠ લંબાઇના મુખના કરતાં એકષષ્ઠાંશ અધિક તથા બમણો મોટો જાણવો અને ઉંચાઇના મુખના કરતાં દોઢ પાદ ઓછું જાણવું.

છત્રીશવંશ ક્ષત્રિઓ.

૧ સુર્યવંશ	૧૩ ચોપાતુકવંશ	૨૫ મકવાણુવંશ
૨ ચંદ્રવંશ	૧૪ પ્રતિહારવંશ	૨૬ ધામપાળવંશ
૩ યાદવવંશ	૧૫ હુડકવંશ	૨૭ રાજપાળવંશ
૪ કદમવંશ	૧૬ રાષ્ટ્રુકવંશ	૨૮ અનંગવંશ
૫ પરમારવંશ	૧૭ શકવંશ	૨૯ નિકંભવંશ
૬ ઇશ્વાકુવંશ	૧૮ કર્ટકવંશ	૩૦ દહાંકરવંશ
૭ મહામાનવંશ	૧૯ કર્ટપાલવંશ	૩૧ કેળાતુરવંશ
૮ ચૌલાકયવંશ	૨૦ બંદીલવંશ	૩૨ દાહીકવંશ
૯ મૌરીવંશ	૨૧ ખીંદવંશ	૩૩ દુર્ણવંશ
૧૦ સૈબારવંશ	૨૨ ગોહીલવંશ	૩૪ હરિતવંશ
૧૧ સિંધવંશ	૨૩ ગોહીલપુત્રવંશ	૩૫ દોઠ વંશ
૧૨ છંદકવંશ	૨૪ પોતિકવંશ	૩૬ મારવવંશ

છત્રીશ જાતનાં હથિઆર.

૧ ચક્ર	૧૦ છરા	૧૯ ખંજર	૨૮ બર
૨ ત્રિશૂલ	૧૧ ખેટક	૨૦ જમુર	૨૯ બઠ
૩ ધનુષ્ય	૧૨ શલ	૨૧ લઠ	૩૦ જંજાળ
૪ વજ્ર	૧૩ ગદા	૨૨ જંત્ર	૩૧ ગુપ્તી
૫ બાણ	૧૪ સાંગ	૨૩ અંકુશ	૩૨ ગુંરજદાવ
૬ કવિને	૧૫ તોમર	૨૪ ભાલું	૩૩ પટ્ટા
૭ તુફંગ	૧૬ પરસ	૨૫ હળ	૩૪ પિસ્તોલ
૮ ફરસી	૧૭ ભૂપંડી	૨૬ ખાંડુ	૩૫ તરવાર
૯ કટાર	૧૮ લાક	૨૭ મુસળ	૩૬ જમૈયો

છત્રીશ જાતનાં વાજાં.

૧ શ્રીમંડલ	૧૦ પીનાક	૧૯ પીંગી	૨૮ આનક
૨ બીન	૧૧ કુમાયચ	૨૦ રણતુર	૨૯ મુરજ
૩ પખાવજ	૧૨ પુંગી	૨૧ શરણાઇ	૩૦ ઢક્કે
૪ અનોપ	૧૩ સારંગી	૨૨ પાવો	૩૧ ડીક
૫ તંબુર	૧૪ બંશી	૨૩ રણસીંગુ	૩૨ ડમરૂ
૬ ઉપંગ	૧૫ પરગાહ	૨૪ શંખ	૩૩ જલતરણ
૭ બર	૧૬ વાંસ	૨૫ સીંગી	૩૪ ઝાંઝ
૮ બસુ	૧૭ કાનુટક	૨૬ કનાટ	૩૫ મંજીરા
૯ સુંરંદો	૧૮ તાલ	૨૭ પણુવ	૩૬ ભેર

ચૌદ રત્નની વહેંચણી.

કવિત.

[1]કામધેનુ [2]કલ્પવૃક્ષ [3]રંભા, ઓ [4]ગજેંદ્ર ઈંદ્ર,
[5]અમૃત લે ચલે, જય રામકો સુનાયકે;
[6]ચંદ્રમા [7]ગરલ શ્રી, શંકરકો ધ્યાય દીના,
ભાનકો [8]તુરંગ [9]સુરા, અસુરન બનાય કે. ૧
[10]ધનુષ[11]ધનવંત[12]મણી,[13]શંખ કર લિયે[14]રમનિ,
વિશ્વનાથ ચઢે હે, ગરૂડ પંખ ધાય કે;
વૃન્દાવન ચંદ ગર્ભ, ગારો હે સમુદ્ર હુકો,
કિનો હે અનંદ સૂરા, સૂરન બનાય કે. ૨

---

૧ કામધેનુ. ૨ કલ્પવૃક્ષ. ૩ રંભા. ૪ હાથી. ૫ અમૃત. ૬ ચંદ્રમા. ૭ ઝેર. ૮ ઘોડા. ૯ મદીરા. ૧૦ ધનુષ. ૧૧ ધન્વંતરી ૧૨ મણી. ૧૩ શંખ. ૧૪ લક્ષ્મિજી.